

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રી : પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-01 ■ તા. 27-12-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દિલ્હીમાં બેઠેલા કેટલાક લોકો મને લોકશાહીના પાઠ ભણાવે છેઃ મોદી

**જમ્મુ-કાશ્મીરની સ્થાનિક ચૂંટણીથી દેશની લોકશાહીના મૂળ વધુ મજબૂત થયા, કાશ્મીરની સ્વાસ્થ્ય યોજનાનો લાભ કોલકાતામાં લેવો મુશ્કેલ, અમુક લોકોની આદત હોય છે, શું કરીએ**

**વડાપ્રધાને યોજનાના લાભાર્થીઓ સાથે વાત કરી, વિપક્ષ પર ચાબખાં માર્યાઃ પુડુચેરીમાં કેટલા વર્ષોથી પંચાયતની ચૂંટણીઓ યોજાઇ નથી, રાજકીય પક્ષોની કથની અને કરણી જુદી**



ન્યુ દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને મોટી ભેટ આપતા આયુષ્માન ભારત 'પીએમ-જય સેહત' યોજના લોન્ચ કરી. આ દરમિયાન તેમણે યોજનાના બે લાભાર્થીઓ સાથે વાત પણ કરી હતી. તેની સાથે જ પીએમ મોદીએ ડીડીસી ચૂંટણીનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કેટલાક લોકો દિલ્હીમાં નિંદા કરે રાખે છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ લોકશાહી માટે મત આપ્યો.

ડીડીસી ચૂંટણી પર પીએમ મોદીએ કહ્યું હતું કે હું લોકશાહીને મજબૂત કરવા માટે જમ્મુ-કાશ્મીરના લોકોને પણ અભિનંદન આપું છું. ડીડીસીની ચૂંટણીએ એક નવો અધ્યાય લખ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાના ચહેરા પર મને વિકાસ માટે, ડેવલપમેન્ટ માટે એક આશા દેખાઇ, ઉમંગ દેખાયો. જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાની આંખોમાં મેં અતીતને પાછળ છોડતા શ્રેષ્ઠ ભવિષ્યનો વિશ્વાસ જોયો.

પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો આજ-કાલ દિલ્હીમાં મોદીની નિંદા કરતાં રહે છે, તેઓ મોદીને લોકતંત્રનો પાઠ ભણાવવામાં રોકાયેલા છે. જમ્મુ-કાશ્મીરની જનતાએ આ ચૂંટણીઓમાં લોકશાહીના મૂળોને મજબૂત બનાવ્યા છે. જમ્મુ-કાશ્મીરના વહીવટ અને સુરક્ષા દળોએ જે રીતે ચૂંટણી યોજી હતી અને આ ચૂંટણીઓ તમામ પક્ષો વતી ખૂબ જ પારદર્શી રહી.

કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢતાં પીએમ મોદીએ કહ્યું હતું કે કેટલાક રાજકીય પક્ષોની કથની અને કરનીમાં મોટો તફાવત છે. તેઓ લોકશાહી પ્રત્યે કેટલા ગંભીર છે તેનાથી જ સ્પષ્ટ થાય છે. કેટલાં વર્ષો થયા, પુડુચેરીમાં પંચાયતની ચૂંટણીઓ થવા દેવામાં આવતી નથી.

પીએમ મોદીએ કહ્યું કે તમને આશ્ચર્ય થશે કે સુપ્રીમ કોર્ટે આ આદેશ ૨૦૧૮ માં આપ્યો હતો. પરંતુ ત્યાં જે સરકાર છે તે સતત આ બાબતને ટાળી રહી છે. પુડુચેરીમાં દાયકાઓની રાહ જોયા બાદ ૨૦૦૬માં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઇ હતી. આ ચૂંટણીઓમાં ચૂંટાયેલા લોકોનો કાર્યકાળ વર્ષ ૨૦૧૧ માં જ સમાપ્ત થઇ ચૂક્યો છે.

આયુષ્માન ભારતનું લોકાર્પણ કરતાં પીએમ મોદીએ કહ્યું કે આ યોજનાનો બીજો ફાયદો એ થશે કે જેનો વારંવાર ઉલ્લેખ કરવો જરૂર છે. તમારી સારવાર ફક્ત જમ્મુ-કાશ્મીરની સરકારી અને ખાનગી હોસ્પિટલો સુધી મર્યાદિત રહેશે નહીં. પરંતુ દેશમાં હજારો હોસ્પિટલો આ યોજના હેઠળ જોડાયેલ છે ત્યાં પણ તમને આ સુવિધા મળશે.

પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં દોઢ કરોડથી વધુ ગરીબોએ આયુષ્માન ભારત યોજનાનો લાભ લીધો છે. આનાથી મુશ્કેલ સમયમાં જમ્મુ-કાશ્મીરના લોકોને ઘણી રાહત મળી છે. અહીં લગભગ ૧ લાખ ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવી છે.

પીએમ મોદીએ યોજનાના લાભાર્થીઓ સાથે પણ વાત કરી. જમ્મુના રમેશ લાલ એ કહ્યું કે મારા પરિવારના તમામ ૫ સભ્યોનું આયુષ્માન ભારત ગોલ્ડન કાર્ડ છે. આ યોજના માટે અમે બધા પીએમ મોદીના આભારી છીએ. જો મારી પાસે આ કાર્ડ ના હોત તો કેન્સરની સારવાર કરાવવી ખૂબ જ મુશ્કેલ હોત. રમેશ કેન્સરના દર્દી છે. પીએમ મોદીએ કહ્યું આયુષ્માન ભારતે તમારું જીવન આયુષ્માન બનાવી દીધું છે. હું તમને અપીલ કરું છું કે આ યોજના અને તેના ફાયદાઓ વિશે અન્ય લોકોને પણ તમે કહો.

## રાહુલ ગાંધીના નેતૃત્વમાં કેટલીક ખામીઓ

# યુપીએની હાલત એકાદ એનજીઓ જેવી દેખાય છેઃ શિવસેનાનો તીખા પ્રહાર

**યુપીએમાં ગડબડી છે અને વિપક્ષને એકજૂથ કરવા માટે નેતૃત્વની જરૂર છે**




મુંબઇ,તા.૨૬

શિવસેનાના મુખપત્ર સામનામાં શનિવારના રોજ યુપીએ અને તેમના સહયોગીઓને બરાબરના આડે હાથ લીધા છે. ખેડૂત આંદોલનને લઇ વિપક્ષની એકજૂથતા ના હોવાને લઇ પણ સામનામાં જોરદાર આલોચના કરી. સંપાદકીયમાં શિવસેનાએ કહ્યું કે જો ખેડૂત આંદોલનના ૩૦ દિવસ બાદ પણ પરિણામ નીકળી શકતું નથી તો સરકાર એ વિચારે છે કે તેને કોઇ રાજકીય ખતરો નથી. કોઇપણ લોકતંત્રમાં વિપક્ષ અગત્યનું પાત્ર ભજવે છે. પરંતુ કોંગ્રેસ અને યુપીએ મોદી સરકાર પર દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યું.

સામનામાં લખ્યું કે કોંગ્રેસના નેતૃત્વમાં એક 'યુપીએ' નામનું રાજકીય સંગઠન છે. એ 'યુપીએ'ની હાલત એકાદ 'એનજીઓ' જેવી દેખાય છે. યુપીએના સહયોગી પક્ષ પણ ખેડૂતોના અસંતોષને ગંભીરતાથી લેતા દેખાતા નથી. યુપીએમાં કેટલાંક દળ હોવા જોઇએ પરંતુ તે કોણ અને શું કરે છે? તેને લઇ ભ્રમની સ્થિતિ છે.સામના એ લખ્યું કે રાહુલ ગાંધી પૂરતુ કામ કરી રહ્યા છે પરંતુ તેમના નેતૃત્વમાં કેટલીક કમી છે. કોંગ્રેસના પૂર્ણકાલીન અધ્યક્ષની જરૂર છે. યુપીએને વધુ ક્ષેત્રીય પાર્ટીઓની જરૂર છે પરંતુ આવું ભવિષ્યમાં શકય થાય તેવું દેખાતું નથી. માત્ર શરદ પવાર જ યુપીએમાં દેખાય છે. તેમની સ્વતંત્ર વિચારસરણી છે. તેમના અનુભવનો લાભ પ્રધાનમંત્રી મોદી સુધ્ધાં લે છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેનાએ સાથે મળીને રાજ્યમાં સરકાર બનાવી છે.સામનામાં આગળ કહ્યું કે યુપીએમાં ગડબડી છે અને વિપક્ષને એકજૂથ કરવા માટે નેતૃત્વની જરૂર છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય રાજ્યોમાં નેતા ભાજપની વિરૂદ્ધ લડાઇ લડી રહ્યા છે પરંતુ તેઓ યુપીએના બેનર નીચે આવવા માંગતા નથી. મમતા બેનર્જીએ એનસીપી ચીફ શરદ પવારની મદદ લીધી કારણ કે ભાજપ સરકારી મશીનરીનો ઉપયોગ કરીને બંગાળમાં રાજ્ય સરકાર પર દબાણ બનાવી રહ્યું હતું. શરદ પવાર પશ્ચિમ બંગાળ જઇ રહ્યા છે. આ જ સમય છે કે વિપક્ષ એકજૂથ થાય અને મમતા બેનર્જીને સમર્થન આપે, ત્યારે જ ભાજપ પર દબાણ બનાવી શકાય છે.સામનામાં આગળ લખ્યું કે હાલ લોકતંત્રનું જે ધનોતપનોત શરૂ છે, તેના માટે ભારતીય જનતા પાર્ટી કે મોદી-શાહની સરકાર જવાબદાર નથી. પરંતુ વિરોધી દળ સૌથી વધુ જવાબદાર છે. વર્તમાન સ્થિતિમાં સરકારને દોષ દેવાની જગ્યાએ વિરોધીઓને આત્મચિંતન કરવાની જરૂર છે.

## ચીન માટે કોવિડ-૧૯ મહામારી આશિર્વાદરૂપ બની

# ચીન ૨૦૨૮માં અમેરિકાને પછાડી વિશ્વની મહાસત્તા બનશેઃ રિપોર્ટ

**૫ વર્ષ પહેલા વિશ્વની સૌથી મોટી ઈકોનોમી બની જશે, ૨૦૩૦ સુધીમાં ભારત જાપાન કરતા આગળ નીકળી જશે, જર્મની ચોથાથી પાંચમા ક્રમે અને હાલ પાંચમા ક્રમે રહેલ બ્રિટન ૨૦૨૪માં છઠ્ઠા સ્થાને ચાલ્યુ જશે**

વોશિંગ્ટન,તા.૨૬:

ચીન ૨૦૨૮માં અમેરિકાને પછાડી વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. પહેલા માનવામાં આવતુ હતુ કે ચીન ૨૦૩૩ સુધીમા આ જગ્યાએ પહોંચશે પરંતુ કોવિડ-૧૯ મહામારીએ સ્થિતિ બદલી નાખી છે. ચીન ઝડપથી આ સંકટમાંથી બહાર આવી ગયુ છે જયારે અમેરિકાનું અર્થતંત્ર હજુ પણ સંઘર્ષ કરી રહ્યુ છે. આના કારણે ચીન અનુમાનથી પાંચ વર્ષ પહેલા જ અમેરિકા કરતા આગળ નીકળી જશે. સેન્ટર ફોર ઈકોનોમિકસ એન્ડ બીઝનેશ રીસર્ચ દ્વારા પોતાના વાર્ષિક રીપોર્ટમાં આવો દાવો કરવામાં આવ્યો છે.રીપોર્ટ અનુસાર પાછલા કેટલાક સમયમાં અમેરિકા અને ચીન વચ્ચે ઈકોનોમિક અને સોફટ પાવર સંઘર્ષ ચાલી રહ્યો છે. કોવિડ-૧૯ મહામારીએ તેને ચીનના પક્ષમાં લાવી દીધો છે. રીપોર્ટ અનુસાર ચીને શરૂઆતમાં જ લોકડાઉન લગાવી મહામારીને નિપટવામાં અત્યંત કુશળતા દાખવી. જયારે અમેરિકા હજુ પણ સંઘર્ષ કરી રહ્યુ છે. ચીનની ઈકોનોમી ૨૦૨૧-૨૫ દરમ્યાન ૫.૭ ટકાની ઝડપથી આગળ વધે તેવી શકયતા છે તે પછી તેની સ્પીડ થોડી ધીમી પડશે. ૨૦૨૬ થી ૨૦૩૦ દરમિયાન તે ૪.૫ ટકા રહી શકશે.બીજી તરફ અમેરિકાનું અર્થતંત્ર લાંબા સમય સુધી કોવિડથી પ્રભાવિત રહેશે. ૨૦૨૨ થી ૨૦૨૪ વચ્ચે દેશની આર્થિક રફતાર ૧.૯ ટકા રહેવાનુ અનુમાન છે. તે પછી તે ૧.૬ ટકાની સ્પીડથી આગળ વધશે. જાપાન ૨૦૩૦ના દાયકાની શરૂઆત સુધી ડોલર ટર્મમાં વિશ્વનુ ત્રીજુ મોટુ માથુ બનશે તે પછી ભારત તેનાથી આગળ નીકળી જશે. તે પછી જર્મની ચોથાથી પાંચમા ક્રમે ખસકી જશે. અત્યારે પાંચમા ક્રમે રહેલ બ્રિટન ૨૦૨૪માં છઠ્ઠા સ્થાને ચાલ્યુ જશે.

# હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે દર વર્ષે યોજાતો આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ રદ કર્યો



**આ કેસની વધુ સુનાવણી આઠ જાન્યુઆરીએ હાથ ધરાશે. મકરસંક્રાતિને અનુલક્ષીને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ છે.**

અમદાવાદ,તા.૨૬


રાજ્યમાં દિવાળીના તહેવાર દરમિયાન લોકોની બજારમાં ભીડ જામી હતી. ત્યાર બાદ રાજ્યમાં કોરોનાના કેસોમાં જબરદસ્ત વધારો થયો હતો. હવે દિવાળી બાદ સમગ્ર રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે અને ધીરે ધીરે કાબુમાં આવી રહ્યું છે. આગામી સમયમાં ઉતરાણનો તહેવાર હોવાથી ફરીવાર સંક્રમણ ના વધે તેની તકેદારી રૂપે હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું આયોજન રદ કરી નાંખ્યું છે.

દેશ વિદેશના પતંગબાજો રાજ્યમાં આ ઉત્સવ દરમિયાન પતંગની મજા માણતા હતાં. આ ઉત્સવ રદ થવાથી પતંગ રસીકોમાં પણ નિરાશા જોવા મળી રહી છે. હાઈકોર્ટે ગુરુવારે રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો હતો કે, દિવાળી બાદ રાજ્યમાં જે રીતે કોરોના વકર્યો તેવી સ્થિતિ મકરસંક્રાતિના તહેવાર સમયે અને પછી સર્જાય નહીં તે અંગે ધ્યાન રાખશો. હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી છે કે આકરા નિર્ણયો લેતા ગભરાશો નહીં.

લોકો નિરાશ થાય તેની ચિંતા કરશો નહીં.

લોકો આ તહેવારની ઉજવણી આવતા વર્ષે પણ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે કરી શકે છે. હાઈકોર્ટે સરકારી વકીલને નિર્દેશ આપ્યો છે કે, સરકાર મકરસંક્રાતિના તહેવારને લઈને શું નિર્ણય કરવા માગે છે, તે અંગે સુચના મેળવીને જણાવો. આ કેસની વધુ સુનાવણી આઠ જાન્યુઆરીએ હાથ ધરાશે. મકરસંક્રાતિને અનુલક્ષીને હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ છે.

# યુકેથી કેરળ આવેલા ૮ મુસાફરોના કોરોના રિપોર્ટ પોઝિટિવ, સેમ્પલ પુણે મોકલાયા



તિરુવનંતપુરમ્,તા.૨૬

બ્રિટન સહિતના દેશોમાં કોરોના વાયરસના નવા પ્રકારના કેસ સામે આવ્યા બાદ વિદેશથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવે છે. જેમાં યુકેથી આવેલા મુસાફરો કોરોના પોઝિટિવ આવતા ખાસ તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. તેમના સેમ્પલને આગળ તપાસ માટે પણ મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે, વાયરસના નવા પ્રકારના કારણે ખાસ સાવચેતી રાખવામાં આવે છે, કારણ કે આ નવા સ્વરુપથી કેસ ઝડપથી ફેલાય છે.કેરળમાં યુકેથી આવેલા ૮ મુસાફરોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જેમના સેમ્પલ મહારાષ્ટ્રના પુણેમાં આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીમાં જીનોમિક એનાલિસિસ માટે મોકલ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રી કેકે શાહીલ્જાએ શનિવારે જણાવ્યું કે યુકેથી આવેલા ૮ મુસાફરો પોઝિટિવ આવ્યા છે અને તેમના સેમ્પલના વિસ્તૃત રિપોર્ટ માટે તેને એનઆઈવી મોકલવામાં આવ્યા છે.

વધુમાં સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, દુનિયાના યુકે સહિતના બાકી દેશોની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત પરત આવતા મુસાફરોના ટેસ્ટ કરીને વિસ્તૃત તપાસ કરવામાં આવે છે. રાજ્યના અન્ય ચાર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ખાસ નજર રાખવામાં આવી રહી છે.

## ઉ.પ્રદેશ, હિ.પ્રદેશ બાદ મ.પ્રદેશની ભાજપ સરકારે લવ-જેહાદ વિરુદ્ધ કાયદો બનાવ્યો

# શિવરાજ કેબિનેટે લવ જેહાદ વિરોધી કાયદાને મંજૂરી આપી, ૧૦ વર્ષની જેલ

**વિધાનસભામાં લાવવામાં આવશે બિલ, ધર્મ પરિવર્તનના ઉદ્દેશથી કરાયેલા લગ્ન રદ ગણાશે, મહિલા અને બાળકોને ભરણ પોષણનો અધિકાર મળશે**

ભોપાલ,તા.૨૬

મધ્ય પ્રદેશની ભાજપ સરકારે પણ ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશની જેમ લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો. છેલ્લા થોડા સમયથી એવી ઘટનાઓ વધી હોવાના અહેવાલ હતા કે દાઢીમૂછ કઢાવી નાખીને તેમજ પોષાક પહેરવેશ બદલીને ખોટી ઓળખ આપીને કેટલાક મુસ્લિમ યુવાનો હિન્દુ યુવતીઓને ભોળવતા હતા અને છેતરપીંડીથી લગ્ન કરીને ત્યારબાદ યુવતીને મુસ્લિમ ધર્મ સ્વીકારવાની ફરજ પાડતા હતા.

આવા કેટલાક બનાવોની પોલીસ ફરિયાદ થતાં અને મિડિયામાં હો હા થતાં સૌ પ્રથમ ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકારે લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો. ઉત્તર પ્રદેશના પગલે ગયા સપ્તાહે હિમાચલ પ્રદેશની સરકારે પણ આવો કાયદો ઘડ્યો હતો. હવે મધ્ય પ્રદેશની શિવરાજ સિંઘ ચૌહાણની સરકારે આવો કાયદો ઘડ્યો હતો

મધ્ય પ્રદેશ રાજ્ય સરકારના પ્રધાન મંડળે 'ધર્મ સ્વાતંત્ર્ય ખરડો ૨૦૨૦'ને મંજૂરી આપી હતી. આ ખરડામાં કુલ ૧૯ કલમો છે. પીડિત પરિવાર તરફથી પોલીસ ફરિયાદ થાય તો પોલીસ સ્વતંત્ર રીતે પગલાં લઇ શકશે. આ કાયદા મુજબ કોઇ વ્યક્તિએ સગીર વયની, બીસી-ઓબીસી સમાજની યુવતીને ફોસલાવી પટાવીને કે પોતાની અસલી ઓળખ છૂપાવીને લગ્ન કર્યાંનું પુરવાર થશે તો આરોપીને બે વર્ષથી માંડીને દસ વર્ષની જેલની સજા થશે.

કોઇ વ્યક્તિ ધન-સંપત્તિની લાલચમાં પોતાનો ધર્મ છૂપાવીને લગ્ન કરશે તો એ પણ સજાપાત્ર ગુનો ગણાશે અને એ લગ્ન ફોક ગણાશે. સંબંધિત યુવાનને છેતરપીંડીના આરોપ બદલ સજા થશે.

મધ્ય પ્રદેશના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાએ એવો દાવો કર્યો હતો કે અમે દેશમાં સૌથી મોટો અને સૌથી વધુ અસરકારક કાયદો બનાવ્યો છે. મધ્ય પ્રદેશ વિધાનસભાનું સત્ર ૨૮ ડિસેંબરે શરૂ થશે. એમાં આ ખરડો મંજૂર કરાશે અને ત્યારબાદ એ કાયદો બનશે.

# તંત્રી લેખ

## ૨૦૨૦માં ચીની ઉત્પાદનોનો બહિષ્કાર છતાં... આયાત ૬૫ અબજ ડોલરની.....!!

વર્ષ ૨૦૨૦માં કોરોના વાયરસે વિશ્વભરમાં ભારે તબાહી મચાવી તેમાં ભારત પણ બાકાત નથી.આવા મહામારીના સમય દરમિયાન દગાખોર મિત્ર ચીને ભારતની સરહદ પર ઊંબાડિયા કરવાનું શરૂ કરી દીધું તો પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ કાશ્મીરમાં હુમલા વધારે દીધા જ્યારે કે નેપાળની ઓલી સરકારે ભારતીય સરહદ ઉપર ચોકીઓ ઊભી કરીને ભારતને ભીંસમાં લેવાના પ્રયત્નો શરુ કરી દીધા.જેની સામે ભારત સરકારે દુશ્મન દેશોના ઉબાડીયા ખાળવાના હતા જ્યારે કે દેશમાં કોરોના મહામારી નાથવા માટે બાજ નજરે કાર્યવાહીમાં ગળાડૂબ હતી. દરમિયાન આમ પ્રજાને તેમાંય ખાસ તો ગરીબો, અર્ધ મધ્યમ વર્ગ,શ્રમિકો, રોજમદારોને ખાવા માટે તકલીફ ન પડે તે માટે સરકારે અનાજ સહાય આપી અને એ પણ ત્રણેકએકવાર આપી.... પરંતુ અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે આવેલા લાખો શ્રમજીવીયો પાસે રેશનકાર્ડ ન હતા તેઓને સહાય ન મળી.....!બીજી તરફ સરકારની અપીલ છતાં જે તે સ્થળોના એકમોમાં, જે તે ઉદ્યોગોમાં, સંસ્થાઓમાં કામ કરતા તેમના કર્મચારીઓ-શ્રમજીવીઓને જે તે સંચાલકો તથા માલીકોએ કોઈ સહાય કે મદદ ન કરી..છતા તંત્રનું આ બાબતો પર ધ્યાનજ ન ગયું. લોકડાઉનના લાંબા સમય બાદ સરકારે અનલોક જાહેર કરી કેટલીક છૂટછાટ આપી તે સાથેજ લાખો શ્રમજીવીઓ-રોજમદારો પરિવાર સાથે વતન જવા નીકળી પડ્યા અને વતન પહોંચ્યા ત્યારે તેઓને શાંતિ થઈ કારણ કોરોનાના મોતનુ તાડવ અને તેનો ડર તેમનામાં પેસી ગયો હતો. તેમજ તેઓને જોઈતી જીવન જરૂરી સહાય કે મદદ ન મળી....! સમયાંતરે અનલોક સાથે છૂટછાટો જાહેર થતી ગઈ અને ધંધા રોજગાર ખોલવાની મંજૂરી આપવામાં આવી અને ઉદ્યોગોના તાળા ખુલી ગયા પરંતુ જે-તે ઉદ્યોગમાં કામ કરતા શ્રમજીવીઓ વતન પહોંચી ગયેલ જેઓ પરત ન આવતા ઉદ્યોગો ભીંસમાં મુકાઈ ગયા. સરકારે મોટા ઉદ્યોગો, મોટા બજારોને મોટી આર્થિક સહાય કરી પરંતુ દેશમાં સૌથી મોટી સંખ્યા ધરાવતા નાના- મોટા શ્રમજીવીઓ, મધ્યમવર્ગ, મજુર વર્ગને ભૂલી જવાયો તેમને માટે કોઈ પણ આર્થિક સહાય આપવામાં આવી નહી પરિણામે અનલોક પછી નાના-મોટા તમામ પ્રકારના ઉદ્યોગો ખુલ્યા ખરા પરંતુ તેમાં કામ કરનારા ન આવતા ઉત્પાદનો અટકી ગયા કે ઘટી ગયા....! બીજી તરફ લોકોની આવક બંધ હતી એટલે ખીસ્સામાં નાણા ન હતા જેથી બજારો ખુલવા છતાં ખરીદારોના અભાવે મોટાભાગે બજારો સુમસામ રહેતા હતા.....!મહામારીના સમયનો લાભ ચીનને લેવો હતો અને વિશ્વના બજારો ઉપર વર્ચસ્વ જમાવવુ હતું પરંતુ અમેરિકા સહિત વિશ્વના દેશો ચીનની ચાલ સમજી ગયા અને ભારત જેને મિત્ર માનતું હતું તે ચીન મિત્રતાના દેખાડા સામેની દગાખોરી સમજી ગયું તે સાથેજ ચીનને આર્થિક ફટકો આપવા પ્રથમ ઘા કર્યો ચીનની ૫૯ એપ પર પાબંધી કરીને.. જેને કારણે ચીન ગિન્નાયું અને તેના છાપા દ્વારા ભારતને ધમકી આપી દીધી કે દોકલામ યુદ્ધ કરતા આર્થિક યુદ્ધ ખતરનાક હશે ચીન સાથે વેપાર કરવો ભારતને ભારે પડશે. ત્યારે બીજી તરફ દેશના લોકોએ ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવા અભિયાન શરૂ કર્યું તો અનેક દેશોએ પણ ચીની ઉત્પાદનો ન સ્વીકારતા દરેક દેશના દરિયાઈ બંદર પર મોટા ગંજ ખડકાઈ ગયા હતા....! આ બધું છતાં નોંધનીય બાબત એ હતી કે ભારત ચીનથી ૬૫ અબજ ડોલરની ચીની ઉત્પાદનોની આયાત કરે છે અને નિકાસ માત્ર ૧૬ અબજ ડોલરની છે. તો સરકારે સ્વનિર્ભર અને લોકલ ટુ લોકલનો મંત્ર આમ પ્રજાને આપ્યો.... પરંતુ દેશભરમાં મોબાઈલ બજારમા ૭૬ ટકા ચીની માલ છે જ્યારે કે ઓટો મોબાઈલ ક્ષેત્રમાં ૨૭% સ્પેરો પાર્ટ ચીનના વપરાય છે.... આને શું કહીશું....?!

# સ્મરણાંજલિ

"હું તો કશુજ કરતો નથી, બધું થઈ જાય છે હું પ્રભુનો ખેપીયો...."

કવિશ્રી રમેશભાઈ કે પટેલ 'ખેપીયોના' હુલામણા નામે ઓરખાતા ૮૭ વર્ષની લાંબી મઝલ કાપી પ્રભુના ખેપીયા તરીકે ની લીલા પૂર્ણ કરીને આ જગતમાં થી ગઈકાલે રાત્રે વિદાય લીધી.. આ દુ:ખદ સમયે તેમના કુટુંબીજનો ને દીલસોજી પાથવવા ગુજરાતી સિનીયર ફ્રેન્ડ સર્કલ GSFC કેલિફોર્નિયા તરફથી ઢૅસ સ્ઈઈ્ દ્વારા શોકસભા નું આયોજન કરવામાંણ આવ્યું.

ઉપ્રોક્ત પંક્તિના પઠન દ્વારા તેના સર્જકને યાદ કરીને સંસ્થાના સંચાલક શ્રી ગુણવંતભાઈ એ અંજલી અર્પિ, પુત્ર તરૂણ પટેલ તથા જમાઈ શ્રી કૌશિકભાઈ પટેલ દ્વારા રમેશભાઈ ના જીવન-કવનની માહિતી આપી. વિનમ્ર અને પરગજુ એવા રમેશભાઈ નું બાળપણ



માતા-પિતા સાથે ભાદરણમાં વિત્યું , ગુજરાત યુનિર્વસિટી અમદાવાદ થી B.,A ની ડીગ્રી પ્રાપ્ત કરી, વલ્લભ વિધ્યાનગર થી B.Ed. થયા, ઝારોલ ગામની શાળામાં શિક્ષક તરીકે જોડાયા.

આ વર્ષો દરમ્યાન શ્રી નિરંજન ભગત તથા શ્રી પુરૂસોત્તમ માવલંકર જેવા સાક્ષરો ના પરીચય માં આવ્યા, તેમની પ્રેરણાથી સાહિત્ય સર્જનમાં કદમ માડ્યાં, અમેરીકા આવ્યા બાદ પણ આ સાહિત્ય યાત્રા ચાલું રહી... U. C.I Medical Centre માં ૧૫ વર્ષ ની સેવા દર્મ્યાન બેસ્ટ એમ્પલોયનો એવોર્ડ મેળવી ગૌરવ પ્રાપ્ત કર્યુ. ૨૦૧૪ માં પત્નિ કુસુમબેન ની અનંત યાત્રા બાદ પુત્ર-પુત્રી ના પરિવાર સાથે ભગવત્ત સ્મરણ સાથે કાવ્ય સર્જનમાં પ્રવ્રુત્ત રહ્યા.

શ્રી કાન્તિભાઈ મિસ્ત્રી એ રમેશભાઈ સાથે અવાળનવાળ થતાં મિલન-મેળાપ દરમ્યાન અનુંભવેલા પ્રસંગોને યાદ કરી અંજલિ અર્પી, મિત્રો ના સહવાસમાં તેઓ સદાય ખીલી ઉઠતાં,આ વાતને જગદિશ પટેલ (ફેડરલ રીટાયરી) ,જીતુંભાઈ પટેલ ( AISA ) ,દુષ્યંત પટેલ , તેમજ અન્ય સૌએ સર્મથન આપ્યું.

રમેશભાઈ પટેલ(ખેપીયો ) તથા રમેશભાઈ પટેલ ( આકાશદિપે ) સમાન નામ વાળા બન્ને કેલિફોર્નિયા સ્થિત કવિ મિત્રો જેને કારણે સર્જાતી વિડંબના અને રમુજ સાથે મિલનની વાતો વાગોળી સંયોગ અનુંસાર બન્ને મિત્રો ખેડા જીલ્લાના વતની હોવાને નાતે સહજ આત્મિયતા કેળવાઈ. શ્રી ભાનુંભાઈ પંડ્યાએ રમેશભાઈ ની ગાયત્રી પરિવાર પ્રત્યેની આસ્થા અને વિશ્વાસના પાસાને ઉજાગર કર્યું શ્રી હર્ષદરાય શાહએ તેમના સાહિત્ય સર્જન યાત્રા વિશે વિગતે વાત કરી



"ઉર્મિલ દીલ ઉભરાયતો આંસુ થઈ છલકાય
ઉર્મિલ દીલ છલકાય તો આંસુ બની વહી જાય "

'આરસી' એમની વાર્તા હતી, 'પાટીદાર' માસિકમાં તેમના લેખો તથા કાવ્યો છપાતા,

તથા કેલિફોર્નિયા થી પ્રસિધ્ધ થતાં 'ગુંજન' માસિક માં યોગદાન હતું

૨૦૦૪ થી ગુજરાત ટાઈમ્સ અને ગુજરાત દર્પણ મા તેમના કાવ્યો પ્રસારીત થતા હતા જે અવિરત ૨૦૨૦ સુધી ચાલું હતાં.

'મારુ ગામ ભાદરણ " નામનો લેખ ગુજરાત ટાઈમ્સ લખાયેલ જે ખુબ પ્રસંસા પામ્યો.

સર્વ શ્રી ગુણવંત પટેલ, મહેદ્રપુરી ગૌસ્વામિ,હર્ષદરાય શાહ, તથા કાન્તિભાઈ મિસ્ત્રી ની સદ્દભાવના તેમજ ગુજરાત દર્પણ- સુભાષ શાહ ( ન્યુ જર્સી ) ના સહયોહ થી ખેપીયો નો કાવ્ય સંગ્રહ 'હદય ઉર્મિ' નું વિમોચન ૨૦૧૬ માં આનંદ પૂર્વક કરવામાં આવ્યું હતું... શ્રી ચંદ્રકાન્ત દેસાઈ ની પ્રસ્તાવના સાથે શ્રીમતિ પ્રગ્ના દાદભાવાળા , સપના વિજાપુરા ના વરદ હસ્તે વિમોચન થયું

ઉપરોક્ત પ્રસંગે રમેશ પટેલ ( આકાશ દીપ ), શ્રી અરવિંદ જોષી, પ્રવિણ ડી . પટેલ ની હાજરી ધ્યાનાકર્ષક હતી.


ગુજરાત દર્પણ ડીસેમ્બર ૨૦૨૦ માં આવેલી એમની અંતિમ કાવ્ય રચના 'ફકીરા' માં થી પ્રેરણા લઈ શ્રી હર્ષદરાય શાહે રચેલ હાઈકું રજુ કરી અંજલી અર્પી

"સત્ય તું શોધ
અંતે બધુ નિર્ગુણ
પ્રભુ છે સત્ય ".

વર્જિનિયા સ્થિત પિયુષા ગજ્જરે જોડાઈ ને એક શ્રધાંજલિ ગીત રજુ કર્યું

અંતમા સૌએ ગુણવંતભાઈ ની આગેવાની માં એક મિનિટ મૌન પાળી સદગત્ત ના આત્માને શાંતિ અર્થે પ્રાથના કરી,

# પાછી ફરી



દેશ વિદેશની યાત્રા કરીને મનગમતા માણસોને મળીને આજે સલોની પાછી ભારત આવવા ન્યૂયોર્કથી વિમાનમાં બેઠી. વતનથી દૂર વતનવાસીઓને મળીને ખૂબ આનંદ થયો. તેના અંતરમાં ઉમંગ સમાતો ન હતો. આટલો બધો પ્રેમ તેને મળશે તેવી આશા ન હતી. અરે, અમેરિકા જઈ આવેલાંના અનુભવ સાંભળી એક વખત એવો હતો કે તેણે ટિકિટ કઢાવવાનો વિચાર માંડવાળ કર્યો હતો. આ તો સાજન હોય નહી અને તે અમેરિકા સહુને મળવા આવે નહી. તેના પતિ સાજને પ્રેમ પૂર્વક સમજાવી.

'આવી ઉમદા તક મળે છે. હાથમાંથી સરી જવા દેવી નથી.'

ન્યૂયોર્કના ગુજરાતીઓએ તેના મનમાં મોટો સમારંભ રાખ્યો હતો. તેની નવી નવલકથા," દિલદાર દીકરો" બેસ્ટ સેલરનો ખિતાબ પામી હતી. તેની બીજી આવૃત્તિ પણ વેચાઈ જવા પામી હતી. તેનું બહુમાન કરવા માટે ખાસ આમંત્રણ મળ્યું હતું.

'અમેરિકાના લોકો મોઢે મીઠું બોલે છે. મહેમાનોને ઈજ્જત આપી સાચવતાં નથી. ' આ વાક્ય તેને સાંભળવા મળતું. માત્ર તેની ટિકિટ લેવાનો તેમનો આગ્રહ નકારી ન શકી. પૈસાની તેને કોઈ અછત ન હતી. પણ શ્રી નિરંજન મહેતાના આગ્રહ પાસે તેણે નમતું જોખવું પડ્યું હતું.

સાજનનો આગ્રહ હતો, સલોનીને માન સનમાન મળવાના છે, તો તે એકલી જઈ આવે. ફરવા તો બીજી વાર સાથે જાવનો વિચાર હતો. સલોની એરપોર્ટ પર આવી. નિરંજન અને નેહા બન્ને લેવા આવ્યા હતાં. પ્લેનમાંથી ઉતરી, કસ્ટમમાંથી બહાર આવી તેનું સુંદર બુકે આપી સ્વાગત કર્યું. સલોની ખુશ થઈ ગઈ.

ગાડીમાં વાતો ચાલતી હતી કે તામારો ઉતારો ઘરથી નજીકની ફાઈવ સ્ટાર હોટલમાં છે.

સલોની ચમકી. ખૂબ પ્રેમથી બોલી, 'મારા મનની વાત કહું'.

'બેશક'!

'તમને વાંધો ન હોય તો હું, તમારે ત્યાં જ રહીશ'. નિરંજન અને નેહા બન્ને ચમક્યા.

'અરે, ભારતથી આવનાર મહેમાન હમેશા મોટી હોટલનો આગ્રહ રાખે છે. તમે તો મહાગજાના લેખિકા છો, તમારે માટે ખાસ ફાઈવ સ્ટાર હોટલનો બંદોબસ્ત કર્યો છે.'

સલોની વધારે આગ્રહ પૂર્વક બોલી, 'મારી મરજી તમારી સાથે રહેવાની છે. તમારી રહેણી કરણીથી વાકેફ થવું છે. અંહીના ભારતિયોનો પ્રેમ પામવો છે.'

નિરંજન અને નેહા બન્ને એકબીજાની સામે જોઈ રહ્યા. આંખોથી વાત થઈ ગઈ. તેમનું ઘર, જેને અંહી 'હાઉસ' કહે છે. ખૂબ સુંદર વિસ્તારમાં હતું . પાંચ બેડરૂમનું ઘર અને સ્વિમિંગ પુલ તથા થ્રી કાર ગરાજ હતાં. નિરંજન પોતે સર્જન હતો, સાહિત્યનો રસિયો. નેહા એમ.બી.એ. ભણેલી હતી. બે બાળકો હાઈસ્કૂલમાં હતા. પતિ અને પત્ની બન્ને પ્રોફેશનલ હોવાને કારણે ઘરમાં દરરોજ સવારથી મેઈડ આવતી. અડધી રસોઈ પણ કરતી અને ઘરનું બધું કામકાજ સાચવતી. તેમને ત્યાં બે ગેસ્ટ રૂમ પણ હતાં. બાજુમાં નાનું કોટેજ હતું.

સલોનીની બધી સગવડ સાચવવામાં કોઈ અડચણ હતી નહી.

સલોનીના આગ્રહને માન આપી બન્ને તેને લઈને ઘરે આવ્યા. તે મનમાં રાજી થઈકે તેણે ઘરે રહેવાનો આગ્રહ સેવ્યો. બે દિવસ જરા આરામ અને જેટ લેગમાં ગયા. શની અને રવીવારે બે દિવસનો કાર્યક્રમ હતો. સલોનીને જરા પણ અતડું ન લાગ્યું. ઘરનું વાતાવરણ સહજ હતું. બાળકો ભલે અમેરિકામાં જનમ્યા હતાં પણ ઘરના સંસ્કારી વાતાવરણને કારણે ભારતથી આવેલા મહેમાન સાથે સુંદર વહેવાર કરી રહ્યા હતાં.

શનીવારે સવારે 'સાહિત્ય સરિતા'ના મિત્રો સાથે બ્રન્ચ લેવા 'જીન્જર કાફે'માં ગયા. સુંદર વાતાવરણ અને મનગમતા માનવીઓ. સલોની બધાને પહેલીવાર મળી રહી હતી. હસમુખા સ્વભાવને કારણે સહુની સાથે હસીખુશીની વાતો કરી. બીજા દિવસના કાર્યક્રમની ચર્ચા કરી.

કાર્યક્રમમાં ગુજરાતી સમાજ અને બીજી સંસ્થાઓના વ્યક્તિઓએ હાજરી આપી. સલોનીએ પોતાના પુસ્તક વિષે રસપ્રદ માહિતી પૂરી પાડી. જેમાં માતા, પિતા અને દીકરાના પ્રેમ તથા તેના પરિવાર સાથેના પ્રસંગો વણી લીધા હતા. સુંદર સંસ્કાર પામી આવેલી વહુ ઘરમાં એવી તો ભળી ગઈ કે કોઈના માન્યમાં પણ ન આવે. હાસ્યના પ્રસંગોની છણાવટ કરી ત્યારે પ્રેક્ષકો પેટ પકડીને હસી રહ્યા હતાં. આપણા ભારતમાં બાળપણથી દીકરીને કહેવામાં આવે છે.

'આમ કર, આમ ન કર' મોટા થઈને સાસરે જવાનું છે.

સલોની કહે સાસરું જાણે જેલખાનું ન હોય એમ ચીતરવામાં આપણે સહુ એક્કા છીએ.

આમ તેણે જૂના, પ્રચલિત અને નવા જાત જાતના તુક્કઓની હાંસી ઉડાવી હતી. બાળકો પરણે ત્યાર પછી થતી ગેરસમજને રમૂજી રીતે રજૂ કર્યા હતાં. દિલના ભાવ ઠાલવી વાર્તાને ઉચ્ચ કોટીની બનાવવામાં તે સફળ પૂરવાર થઈ હતી. કાર્યક્રમ ધાર્યા કરતાં વધારે આનંદમય રહ્યો અંતે છેલ્લે જ્યારે આભાર વિધિ માનવાનો સમય આવ્યો ત્યારે , નિરંજનભાઈએ એક પરબિડિયું સલોનીના હાથમાં મૂક્યું.

જાણે દાઝી હોય તેમ તેણે હાથ પાછા ખેંચી લીધા.

સલોની ગદગદ થઈને બોલી રહી ,'મારા મિત્રો, સ્નેહીજનો. તમે મને અંહી બોલાવી. મારો આદર સત્કાર કર્યો. આટલો બધો પ્રેમ આપ્યો. તમે શું માનો છો હું ,અંહી પૈસા લેવા આવી હતી. તમે સહુ ભ્રિત ભૂલો છો. હું તો મારા ભારતિય ,ગુજરાતીઓને મળવા આવી છું. અમેરિકાની ભૂમિ ઉપર તમે સહુ જે સુંદર કાર્ય કરી રહ્યા છો તે નિહાળવા આવી છું. ગુજરાતની બહાર ગુજરાતી ભાષા વિષેનો તમારો પ્રેમ ખરેખર સરાહનિય છે. મારી નવલકથાને પ્રેમ ભર્યો આવકાર આપ્યો તે બદલ તમારી ઋણી છું."

" મુ. નિરંજન ભાઈ આ પૈસાના પરબિડિયા દ્વારા મારી હાંસી ન ઉડાવશો. "

સભાખંડમાં બેઠેલાં સહુ દંગ થઈ ગયા. હજુ તો ૪૦ પણ નથી વટાવ્યા એવી આ જાજવલ્યમાન યુવતીના મુખેથી આવી સરસ વાણી સાંભળી સહુને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. અત્યાર સુધી ભારતથી આવેલા દરેક અતિથિઓ વિષેનો અનુભવ વાગોળવા લાગ્યા.

આ સ્વપનું નથી, હકિકત છે.

પ્રવિણા કડકિયા...
અમેરિકા...(૨૧:૩:૨૦૧૭)

# રાજકોટમાં લાભાર્થીઓને માત્ર ૩.૫૦ લાખમાં 2 BHK ફર્નિચરવાળો ફ્લેટ મળશે

રાજકોટ,તા.૨૬

દેશના દરેક નાગરિકને ઘરનું ઘર મળે તેવા આશયથી કેન્દ્ર સરકારે વિવિધ આવાસ યોજના જેવી એક પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરી છે. તેમા વ્યક્તિગત રીતે મકાન બનાવવા ઈચ્છતા નાગરિકને સરકાર બેંક લોન અપાવવા સહિતની સેવા પૂરી પાડવામાં આવશે.

સ્થાનિક સ્તરે કામ મહાનગરપાલિકાઓને સોંપવામાં આવ્યું છે. મહાપાલિકા નાગરિક અને બેંક વચ્ચે મધ્યસ્થી કરીને લોન અપાવશે. રૂ.૩.૫૦ લાખથી રૂ.૬ લાખ સુધીની બેંક લોન અપાવવામાં મહાપાલિકા મદદરૂપ બનશે. ત્યારે ફરી એકવાર કેન્દ્ર સરકાર દ્વારા આધુનિક ટેકનોલોજી મદદથી આવાસ બનાવવા નક્કી કર્યું છે, જેમાં દેશના ૬ શહેરોની પસંદગી કરાઈ છે અને તેમાં ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી કરાઈ છે.કેન્દ્ર સરકાર દ્વારા અગાઉ કરેલી મહત્વપૂર્ણ જાહેરાતનો ફાયદો હવે રાજકોટને મળવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે દેશમાં ૬ શહેરોમાં આધુનિક ટેક્નોલોજીની મદદથી આવાસ બનાવવાનું નક્કી કર્યું છે. જેમાં ગુજરાતના રંગીલા રાજકોટ શહેરનો સમાવેશ થઈ ગયો છે. જેથી રાજકોટમાં હવે લાભાર્થીઓને ૩.૫૦ લાખમાં ૨ બીએચકેનો ફ્લેટ તો આપશે, સાથે ફર્નિચર પણ કરી આપવામાં આવશે. મનપા ૧૧૮ કરોડના ખર્ચે ઈડબલ્યુએસ-૨ પ્રકારના ૧૧૪૪ આવાસ બનાવશે.રાજકોટના રૈયા સ્માર્ટ સિટીના ટી.પી. નં.૩૨માં ૪૫ મીટર રોડ પર ભગવાન પરશુરામના મંદિર પાસે કેન્દ્ર સરકારે કરેલી જાહેરાતનો પ્રોજેકટનું નિર્માણ થશે. આ પ્રોજેકટ અંગે કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન એફોર્સ વિભાગે ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દીધા છે. લાભાર્થીઓને આવાસમાં રસોડું અને બે બેડરૂમના ફિક્સ ફર્નિચર સાથે તૈયાર કરી લાભાર્થીઓને ફાળવવામાં આવશે. રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીના ૩૧ કરોડ રૂપિયાના જુદા જુદા કામોનુ મુખ્યમંત્રી ૩૧ ડિસેમ્બરે ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.


## રાજ્યમાં નકસલી પ્રવૃત્તિઓને લઈ તપાસનો ધમધમાટ શરૂ

દાહોદ,તા.૨૬

દાહોદમાં નકસલી પ્રવૃત્તિઓને લઈ તપાસનો ધમધમાટ શરૂ થયો છે. જેના કારણે ગુજરાત એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દાહોદમાં ધામા નાખ્યા છે. ગુજરાત એટીએસ અને ક્રાઈમ બ્રાંચે બિલોસા બબીતા કશ્યપની ધરપકડ કરી લીધી છે, જેને લઈને તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. ઝારખંડથી ૨૫મી જુલાઈએ ગુજરાત એટીએસએ બિલોસા બબીતા કશ્યપની ધરપકડ કરી હતી. બિલોસા બબિતા કશ્યપ સિવાય તેના બે સાથીઓની પણ ધરપકડ કરી હતી.ગુજરાત એટીએસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને દાહોદમાં ૩ મહિના સુધી નકસલી પ્રવૃતિઓમાં સંડોવાયેલી બબીતા રોકાઈ હોવાની શક્યતા દર્શાવી છે.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૩૨)

**વર્ષા જાની**



આ સૃષ્ટિમાં કોઈ અકળ તત્વ, પરમતત્વ સમાયેલું છે, એનો અહેસાસ અવશ્યપણે થયાં કરતો હોય છે. એ પરમતત્વની ઉત્તમોત્તમ, એકેકથી ચડિયાતી રચનાઓ જે પામી શકે, માણી શકે,તે ચોક્કસ અભિભૂત થયાં વિના રહી શકતો નથી.

આ મહાન સર્જનહાર ઈશ્વરના અનેક સર્જનોમાંનું એક ઉત્તમ સર્જન એટલે મનુષ્યનું શરીર. કેટલી અદ્ભૂત રચના એણે શરીરની કરી છે. આંખ, કાન, નાક, હોઠ... આમ બધું જ એકદમ સરસ રીતે કેવું મસ્ત આકારમાં ગોઠવીને સજાવેલું છે! હોઠની બરાબર જ ઉપર નાક! આહાહા... સુગંધ, દુર્ગંધને પકડી પાડનારા ચોકીદાર જેવા બે નાકના ફણગા.. એ તરત જ સારી, નરસી ગંધ પારખી લે છે. મોઢામાં કાંઈપણ ખાતા પહેલાં નાક એની ગંધ પામી લે છે, અને યોગ્ય સમયે જરૂર પડે ત્યારે મોઢાને ગંદી ચીજ ખાતા પહેલાં અટકાવી દે છે.આમ સમગ્ર શરીરની રચના કેટલી અદ્ભૂત! અમૂલ્ય ખજાનો જાણે કે!

આપણે માણસજાત સોનું, હીરા, મોતી, ઝવેરાત જેવી વસ્તુઓની જીવ કરતાંય જાળવણી કરીને લોકરમાં જતન પૂર્વક સાચવીને રાખીએ છીએ, જિંદગીભર ઉપયોગી થાય એટલા માટે! પણ જિંદગી જેનાં થકી છે, એ શરીરની જાળવણી આપણે કરીએ છીએ ખરાં!

શરીરનું યંત્ર ક્યાંય પણ સહેજેય આડું અવળું થાય તો એના માટે તરત જ જાગૃત બનીને યોગ્ય ડૉક્ટરનો સંપર્ક સાધવો જોઈએ.અને ડૉક્ટરની સલાહ મુજબ ચાલીને રોગને આગળ વધતો અટકાવવો જોઈએ.

ઘણીવાર કેટલાક લોકો પોતાના શરીર માટે જાગૃત બનીને ઉપાયની શરૂઆત તો કરે, "આરંભે શુરા "ની જેમ.. ડૉક્ટરની સલાહ મુજબ બધા રિપોર્ટ પણ કરાવે ખરાં, પછી કૅન્સર જેવો રોગ જાહેર થાય, તો પણ સારવાર કરાવવામાં વિલંબ કરે, છ, આઠ મહિના કે વરસો સુધી રોગને પાળી પોષીને મોટો બનાવે. પછી ખૂબ પીડા થાય એટલે પછી બેબાકળાં બની દોડાદોડી કરી મૂકે. જે તે ડૉક્ટર પાસે દોટ મૂકે, પછી ડૉક્ટર દર્દીને તપાસે ત્યારે ઘણાં દર્દીને તો એણે તરત જ કહી દેવું પડે કે " બીમારી ખૂબ આગળ વધી ગઈ છે, હવે ઓપરેશન થઈ શકે તેમ નથી. કીમોથેરાપીની શરૂઆત કરો.કે રેડિએશન લેવા પડશે.ટૂંકમાં જેની જે પ્રકારની બીમારી એ પ્રકારે ટ્રીટમેન્ટ આગળ લેવા માટેનું ડૉક્ટર સૂચન કરે. પણ પછી એ સારવાર લેવામાં પણ ગલ્લાતલ્લા કરે, મારાં જેવા કોઈ એને રોગની ગંભીરતા સમજાવી ટ્રીટમેન્ટ પૂરી કરવાનું સમજાવે પણ ખરાં! છતાંય પોતાની જાત પ્રત્યે પણ વફાદાર ન રહે. અને સારવાર કદાચ શરુ તો કરે, પણ પછી સારવાર દરમિયાન થોડીક તકલીફ પડે, તો એ સહન કરવાને બદલે સારવાર જ અધૂરી છોડી દે. જો કૅન્સર ખરાબ પ્રકારનું હોય,તો થોડો સમય વીતે પછી શરીરના કોઈપણ ભાગમાં એટલી હદે ફરી પાછું ફેલાઈને આવે કે, એમાં આગળ સારવાર શક્ય જ ન બને! પછી જેમ જેમ રોગ આગળ ફેલાતો જાય, તેમ તેમ, દર્દી બિચારો રિબાય! અને ઘરનાં સભ્યો પણ હેરાન પરેશાન થઈ જાય , ન જોઈ શકે કે ન રોગને લઈ શકે! એવી પરિસ્થિતિ સર્જાય.

માટે જ સર્જનહારે આપણને શરીર જેવી ઉત્તમ ભેંટ આપી છે, તો એનું દરેક રીતે જતન કરવું જોઈએ.

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःख भाग्भवेत्॥
। अस्तु ।

# અમરેલીમાં સમૂહલગ્ન પહેલા જ ત્રાટકી પોલીસ, ૧૭ જાન લીલા તોરણે પાછી ફરી

અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામમાં શુક્રવારે કોળી એકતા દળ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સમૂહલગ્નમાં તંત્રની મંજૂરી લેવામાં આવી ન હોવાથી તમામ ૧૭ લગ્નો અટકાવી દેવામાં આવ્યા હતા. અચાનક પોલીસ આવી જવાથી ૧૭ જાન લીલા તોરણે પાછી ફરી હતી. જેથી સમગ્ર મામલે તાલુકા પોલીસે આયોજક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ ૧૭ લગ્નો જે પરિવારોના હતા તથા આંમત્રિત કરાયેલા મહેમાનોમાં પોલીસની દખલગીરીથી ભારે રોષની લાગણી છવાઈ હતી. અમરેલી તાલુકા પોલીસ દ્વારા સમુહ લગ્નના આયોજક સુરેશ લાલજીભાઈ થડેચા વિરુદ્ધ ગુનો નોંધી અટક કરવામાં આવી હતી. આયોજકો સમૂહ લગ્નનો માટે કોઇ મંજૂરી લીધી ન હતી. હજારો માણસોની ભીડમાં માસ્ક, સેનેટાઈઝરની પણ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન બંધ રહેતા અનેક જોડાઓએ પોતાના ઘરમાં જ લગ્ન કરી લીધા હતા.અમરેલી તાલુકા પોલીસ દ્વારા સમુહ લગ્નના આયોજક સુરેશ લાલજીભાઈ થડેચા વિરુદ્ધ ગુનો નોંધી અટક કરવામાં આવી હતી. આયોજકો સમૂહ લગ્નનો માટે કોઇ મંજૂરી લીધી ન હતી. હજારો માણસોની ભીડમાં માસ્ક, સેનેટાઈઝરની પણ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન બંધ રહેતા અનેક જોડાઓએ પોતાના ઘરમાં જ લગ્ન કરી લીધા હતા. અમરેલી પાસે ચાંદગઢ ગામે કોરોના મહામારીની ગાઈડલાઈનને ગણકાર્યા વગર ગામનાં સ્થાનિક યુવાનો દ્વારા સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK